# એકમ-7 ફુગાવો (Inflation)

-: રૂપરેખા :-

**7.1 પ્રસ્તાવના**

**7.2 ફુગાવાનો અર્થ :-**

**7.3 ફુગાવાની વ્યાખ્યાઓ :-**

**7.4 ફુગાવાના લક્ષણો :-**

**7.5 ફુગાવાના રસપ્રદ વિશ્વના ઐતિહાસિક કિસ્સાઓ :-**

**7.6 ફુગાવાના પ્રકારો :-**

**7.7 ફુગાવાના કારણો :-**

**7.8 ફુગાવાની અસરો :-**

**7.9 ફુગાવો નિવારવાના ઉપાયો :-**

## 7.1 પ્રસ્તાવના

આર્થિક સિદ્ધાંતોમાં આર્થિક અસ્થિરતા એ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. આર્થિક અસ્થિરતા એ ભાવ વધવા અને ભાવ ઘટાડા સ્વરૂપે જોવા મળે છે. જો અર્થતંત્રમાં સતત ભાવ સપાટીમાં વધારો થાય અને ઊંચા દરે વધારો થાય તો ફુગાવાની સમસ્યા કહે છે. જો અર્થતંત્રમાં ભાવસપાટી વધુ સમય સુધી ઘટ્યાં કરે તો તેને આર્થિક મંદી કહેવાય. વ્યાપાર ચક્રો દ્વારા તેજી અને મંદીનું વિશ્લેષણ સમજાવવામાં આવે તો વિશ્વના જુદા જુદા દેશોમાં સામાન્ય રીતે ભાવ વધારાની અને ભાવ ઘટાડાની સ્થિતિઓ સર્જાતી હોય છે. પરંતુ ભાવ સપાટીમાં સામાન્ય વધઘટો એ કોઈ ગંભીર સમસ્યા ગણાવી નથી. વિશ્વના કેટલાક દેશોમાં અભૂતપૂર્વ એવી ભાવ વધારાંની એટલે કે ફુગાવાની સ્થિતિઓ સર્જાય છે. એ જ રીતે સતત ભાવ ભાવ ઘટાડાની એટલે કે મંદીની સમસ્યાઓ સર્જાઈ છે. ફુગાવાની અભૂતપૂર્વ સમસ્યાઓ હજુ સુધી સમગ્ર વિશ્વમાં એક સાથે સર્જાઈ નથી. જ્યારે મંદીની સમસ્યા વિશ્વના કોઈ એક મોટા ભાગમાં એક સાથે વિશ્વમંદી, મહામંદી વગેરે સ્વરૂપે જોવા મળે છે. ભાવ વધારો એ એક સ્વભાવિક આર્થિક પ્રક્રિયા ગણાય. પરંતુ અતિ ઊંચા દરે ઝડપથી વધતા ભાવો અને વધુ સમય માટે વધતાં ભાવો એ ઘણી બધી આર્થિક અસરો જુદા જુદા વર્ગો ઉપર જુદા જુદા સ્વરૂપે પડે છે અને લગભગ સમગ્ર અર્થતંત્ર સરકારના કાબુ બહાર થઈ જાય છે. આમ ફુગાવો એ અર્થશાસ્ત્રમાં ખૂબજ રસપ્રદ વિષય છે.

## 7.2 ફુગાવાનો અર્થ :-

સામાન્ય ભાવવધારો એ ફુગાવો ગણાતો નથી. માત્ર ભાવોમાં થયેલા વધારાને ફુગાવાની પરિસ્થિતિ તરીકે ઓળખાવી શકાય નહિ. કારણ કે ભાવવધારો બિન-નાણાકીય પરીબળો જેવાં કે ઘટતી પેદાશનો નિયમ, ઈજારાશાહી, કુદરતી વિપરીત સંજોગોને કારણે હોઈ શકે. અથવા કોઈપણ વસ્તુની અછત સર્જાતા કિંમતમાં વધારો થાય તો તેને ભાવવધારો કહેવાય. જ્યારે ભાવોમાં થયેલો વધારો, નાણાના પુરવઠા અને વસ્તુઓના ઉત્પાદન અને અસંતુલનને લીધે થાય છે. ત્યારે તે પરિસ્થિતિને ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે. આમ ફુગાવો એ પરિસ્થિતિનો નિર્દેશ કરે છે. જ્યારે સમાજમાં નાણાનું કુલ પ્રમાણ વધવાથી નાણાકીય આવકમાં સતત વધારો થતો હોય છે. પરિણામે ખરીદ શક્તિ વધવાથી

ચીજવસ્તુઓથી માંગ એકધારી વધી રહી છે. પરંતુ ઉત્પાદનમાં સપ્રમાણ વધારો ન થવાથી ભાવો વધતાં રહે છે આને ફુગાવો કહેવાય. સામાન્ય ભાવવધારો એ ફુગાવો ગણાતો નથી. પરંતુ અર્થતંત્રમાં જો એક અંક આંકડાથી ઉપરના દરે (નવ અંક સુધી બરાબર છે) દશ ટકા કે તેથી ઉપર જો ભાવસપાટીમાં વધારો થયા કરે તો તેને ફુગાવો કહેવાય. ભાવવધારો અને ભાવસપાટીનો વધારો એ બે અલગ વસ્તુ છે. કોઈક વસ્તુઓના ભાવો વધે અને ઘણાં ઊંચા દરે વધે તો તેથી તેને ફુગાવો કહી શકાય નહિ. પરંતુ એંકદર ભાવસપાટીમાં એટલે કે બધી ચીજ વસ્તુઓના અને સાધનોના સરેરાશ ભાવો સતત કંઈક ઊંચા દરે વધારો થયા કરે તો તેને ફુગાવો કહેવાય.

## 7.3 ફુગાવાની વ્યાખ્યાઓ :-

– પ્રો. કેમરરના મતે "જ્યારે કાયદેસરના નાણાં અને બેંકનાણાનું પરિમાણ તેની માંગ કરતાં એટલા પ્રમાણમાં વધી જાય કે જેથી સામાન્ય ભાવ સપાટીમાં વધારો થાય ત્યારે ફુગાવો થયો કહેવાય."

– પ્રો. કાઉથરના શબ્દોમાં "ફુગાવો એવી પરિસ્થિતિ છે કે જેમાં નાણાંનું મૂલ્ય ઘટતું જાય છે. એટલે કે ભાવો વધી રહેલાં હોય છે."

– પ્રો. આર.જી. હોટ્રે ફુગાવાનો અર્થ ચલણના અતિશય પરિમાણ (Issue of to much curency) તરીકે કરે છે.

– પ્રો. ગ્રેગરીના મતે "ખરીદશક્તિના પ્રમાણમાં અસાધારણ નાણાંના પરિમાણમાં વધારાની પરિસ્થિતિ" તરીકે દર્શાવે છે.

– મિલ્ટન ફ્રિડમેને કહ્યું છે - "હું ફુગાવાનો અર્થ ભાવોમાં મક્કમપણે થતો સતત વધારો એવો કરું છું."

– પ્રો. એ. પી. બર્નરનાં શબ્દોમાં જ્યારે વસ્તુઓ-સેવાઓના કુલ પુરવઠા કરતાં તેમની કુલ માંગ વધુ હોય ત્યારે ફુગાવો સર્જાય છે."

– જે. એલ. હેન્સનના અભિપ્રાય મુજબ - "વસ્તુઓ-સેવાઓનો પુરવઠો માંગવૃદ્ધિ સાથે તાલ મિલાવવામાં નિષ્ફળ જાય છે ત્યારે ફુગાવો સર્જાય છે."

– પાઉલ આયનઝિગના મત મુજબ - "ફુગાવો અસમુતલાની એવી સ્થિતિ છે. જેમાં ખરીશક્તિનો વધારો ભાવવૃદ્ધિમાં પરિણમે છે."

– પ્રો. પીગુના શબ્દોમાં કહીએ તો - "જ્યારે આવક મેળવવાની પ્રવૃત્તિ (ઉત્પાદક પ્રવૃત્તિ)ની સરખામણીમાં નાણાકીય આવક ઝડપથી વધી રહી હોય ત્યારે ફુગાવાની પરિસ્થિતિ અસ્તિત્ત્વમાં આવે છે". બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ખૂબ વધારે નાણું ખૂબ થોડી વસ્તુઓને પકડવા માટે પાછળ પડે છે. ત્યારે ફુગાવો સર્જાય છે.

– પ્રો. થોમસ વિલ્સનના શબ્દોમાં - "ફુગાવો એટલે એવી પ્રક્રિયાનું સાતત્ય જેમાં ભાવો અને ખર્ચના ફેરફારો એકબીજાને ચઢિયાતી રીતે પોષે છે અને ભાવસપાટીને ઝડપથી ઉપરની તરફ લઈ જાય છે.

– પ્રો. એ. ડી. ગેયર જણાવે છે કે - "નાણા અને ભાવોનો જે વધારો ચીજવસ્તુઓના ઉત્પાદન વધારામાં પરિણમતો નથી એ ફુગાવો છે."

– પ્રો ડબલ્યુ. ડબલ્યુ. રોસ્ટોવના શબ્દોમાં - "પૂર્ણ રોજગારીની અવસ્થા પ્રાપ્ત થયા બાદ ભાવોમાં વધારો થાય છે તે ફુગાવા સ્વરૂપનો છે."

– કોલબોર્નના મતે - "Intiation is too much money, chasing too few goods"

- થોડી વસ્તુઓ પકડવા પાછળ વધુ પડતું નાણું દોડે તેને ફુગાવો કહે છે.

- પ્રો. કેઈન્સના મત મુજબ નાણાકીય આવકમાં વધારો થતાં જે ફુગાવો અસ્તિત્વમાં આવે છે. તે સર્વ પ્રથમ ચીજવસ્તુઓ અને સેવાઓના બજારમાં જોવા મળે છે. એટલે કે સર્વપ્રથમ વપરાશી ચીજ વસ્તુઓ અને સેવાઓની માંગ વધે છે. તેથી તેમના ભાવ વધે છે. આ વધેલી માંગને પહોંચી વળવા માટે ઉત્પાદન વધારવાની જરૂર પડે છે. પરિણામે ઉત્પાદનના સાધનોની માંગ વધતાં તેના ભાવ વધે છે. આમ ફુગાવો સર્વપ્રથમ વસ્તુ બજારમાં જોવા મળે છે. ત્યારબાદ સાધન બજાર સુધી પ્રસરે છે.

- પ્રો. બેન્ટ હેન્સન અને અન્ય સ્વીડીશ અર્થશાસ્ત્રીઓ એવો અભિપ્રાય ધરાવે છે કે ફુગાવો સર્વ પ્રથમ સાધન બજારમાં અસ્તિત્વમાં આવે છે અને ત્યારબાદ વસ્તુબજારમાં પ્રસરે છે. આમ પ્રો. કેઈન્સ વસ્તુબજાર અને સ્વીડીશ અર્થશાસ્ત્રીઓ સાધન બજારને ફુગાવા માટે સર્વપ્રથમ ભાર મૂકે છે. ફુગાવાની વિવિધ વ્યાખ્યાઓ ઉપરથી ફુગાવાના લક્ષણો નીચે મુજબ છે.

## 7.4 ફુગાવાના લક્ષણો :-

1. અર્થતંત્રમાં નાણાના કુલ પુરવઠામાં વધારો થતાં લોકો ચીજ વસ્તુઓ અને સેવાઓની માંગ કરે છે. તેથી ભાવો વધે છે. આમ ફુગાવો એ શુદ્ધ નાણાકીય ઘટના છે. અથવા ફુગાવાનું મૂળ કારણ નાણાના પુરવડામાં થતો વધારો છે.
2. ફુગાવો એ સર્વગ્રાહી એટલે કે દરેક ચીજવસ્તુઓના ભાવોમાં સતત એકધારો વધારો અને લાંબાગાળા સુધી રહેતો હોય છે.
3. ફુગાવો એ સ્વયં સંચાલિત પ્રક્રિયા છે. અર્થતંત્રમાં એકવખત ફુગાવાની પરિસ્થિતિ સર્જાયા બાદ સમયના પ્રવાહ સાથે તેની ગતિ વધતી જ જાય છે.
4. અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની અવસ્થા આવ્યા પછી જ પૂર્ણ ફુગાવો અસ્તિત્વમાં આવે છે.
5. સામાન્ય રીતે ફુગાવામાં દરેક વસ્તુની કુલ માંગ તેના કુલ પુરવઠા કરતાં હંમેશા વધુ હોય છે.
6. ફુગાવો માંગપ્રેરિત કે ખર્ચ પ્રેરિત અથવા બંને પ્રકારે હોઈ શકે છે.

## 7.5 ફુગાવાના રસપ્રદ વિશ્વના ઐતિહાસિક કિસ્સાઓ :-

વિશ્વના કેટલાક દેશોમાં ફુગાવાની અભૂતપૂર્વ ઘટનાઓ ઘટી છે. જે આપણી કલ્પના બહારના ભાવવધારાની પરિસ્થિતિ દર્શાવે છે એને તેથી તે ખૂબ જ આશ્ચર્યજનક જણાય છે. સૌપ્રથમ અને અભૂતપૂર્વ એવી ફુગાવાની ઘટના પ્રથમ વિશ્વયુદ્ધ પછી 1920 થી 1923ના અરસામાં જર્મનીમાં સર્જાઈ હતી. જર્મનીમાં ફુગાવાની પરિસ્થિતિ તેના આંકડાઓ વડે જોઈએ તો - ઈ.સ. 1922 થી ખૂબ ઊંચા દરે ફુગાવો વધવાની શરૂઆત થઈ. પરંતુ 1923માં ફુગાવો ચરમસીમાએ પહોંચ્યો હતો. 1923ના પ્રારંભિક સમયમાં દરરોજ સરેરાશ 21 ટકાના દરે ભાવવધારો થતો હતો અને એ રીતે ચાર પાંચ દિવસમાં ભાવો બમણાં થઈ જતા હતા. 1923ના મધ્ય ભાગ પછી ખાસ કરીને છેલ્લાં મહિનાઓમાં ફુગાવો અભૂતપૂર્વ કક્ષાએ પહોંચ્યો હતો. તેથી 1923ના વર્ષ દરમ્યાન 29,500 ટકાનો ભાવવધારો જર્મનીમાં થયો હતો. આ અભૂતપૂર્વ ભાવવધારાના સંજોગોમાં જર્મનીના ચલણોનું અન્ય ચલણોમાં થયેલું

અવમૂલ્યન અભૂતપૂર્વ હતું. વિશ્વયુદ્ધની શરૂઆતના સમયે 1914માં આશરે 1 ડોલર = 4 માર્ક (જર્મનીનું ચલણ) નો વિનિમયદર હતો. તે 1920માં 1 ડોલર = 2000 માર્ક થયો અને 1923માં 1 ડોલર = 1 મીલીયન એટલે કે 10 લાખ માર્ક થયો હતો. ભાવસપાટીમાં રોજેરોજ થતાં અભૂતપૂર્વ ભાવ વધારાથી આગળ વધીને દિવસના વિવિધ સમયે કલાક બે કલાકના અંતરે ભાવોમાં વધારો થયા કરતો હતો. જેમ કે રેસ્ટોરન્ટ અને હોટલમાં જમવાના મેનુના ચાર્જ દર અડધા કલાકે વેઈટરો દ્વારા જાહેર કરવામાં આવતા હતા. એમ કહેવાય છે કે બે વર્ષ પહેલાં બનાવેલા મકાનની બારી રીપેર કરવાની થાય તો આખા મકાનમાં થયેલો ખર્ચ જેટલો ખર્ચ રીપેરીંગમાં થાય છે. છ મહિના પહેલાં ખરીદેલા બૂટની દોરી બદલવી હોય તો બૂટ કરતાં વધારે ખર્ચ થાય. આ સંજોગોમાં કામદારો અને કર્મચારીઓ રોજેરોજ પગાર લેવા માંડયા અને રોજેરોજ કલાક-બે કલાકના અંતરે ભાવો બદલાવા માંડયા ત્યારે કામદારો અને કર્મચારીઓ કલાકે કલાકે વેતન મેળવવા લાગ્યા અને કલાક પછી વેતન લઈને વસ્તુ ખરીદતા અને ત્યાર બાદ કામે લાગતા હતા. જર્મનીમાં બચત અને ખર્ચાળ પણાનો એક રસપ્રદ કિસ્સો નોંધવા જેવો છે. બે ભાઈઓમાં એક ભાઈ ખૂબ બચત કરતો હતો અને બીજો ભાઈ દારૂ પીને એની બાટલીઓ ભેગી કરતો હતો. 1923ના અભૂત પૂર્વ ફુગાવા દરમ્યાન કરકસરીયા અને બચત કરનારા ભાઈની બધી ચલણી નોટો કાગળના ટુકડા સમાન બની રહી અને દારૂડિયાએ ભેગી કરેલી બોટલોના ભાવ ખૂબ જ વધી ગયા. જર્મન સરકારે ફુગાવા દરમ્યાન વિનિમયને પહોંચી વળવા માટે ખૂબ મોટી રકમની નોટો એટલે કે મિલીયન માર્ક (દશ લાખ) ની નોટો છાપવી પડી હતી.

1950ના અરસામાં ચીનમાં ક્રાંતિ અને આંતરવિગ્રહ થયો તે દરમ્યાન અભૂતપૂર્વ ફુગાવાની સમસ્યા સર્જાઈ હતી. આ ફુગાવા સંદર્ભે ચીની લોકોમાં એક કહેવત પ્રચલિત થઈ હતી. "પહેલાં ખિસ્સા ભરીને જતા અને ટોપલાં ભરીને વસ્તુઓ લાવતા હતા, હવે અમે ટોપલાં ભરીને પૈસા લઈ જઈએ છીએ અને ખિસ્સા ભરીને વસ્તુઓ લાવીએ છીએ". વર્તમાન સમયમાં એટલે કે 21મી સદીમાં અને હાલનાં સંજોગોમાં પણ ફુગાવાના અભૂતપૂર્વ કિસ્સા ઝિમ્બાવે અને વેનેઝુએલાના છે. આફ્રિકાના ઝિમ્બાવેમાં વર્ષ 2007માં 86 ટકા ફુગાવો હતો. જે વર્ષ 2022માં 837 ટકા જેટલો પ્રવર્તે છે. ઝિમ્બાવેની સરકારે ઘણા ઊંચા મૂલ્યની ચલણી નોટો છાપવી પડી છે. વેનેઝુએલાનો ફુગાવો હાલ પણ ઊંચો ચાલી રહ્યો છે અને તે 21મી સદીનો અભૂતપૂર્વ ફુગાવો છે. છેલ્લાં એકાદ દાયકાથી વેનેઝુએલામાં ફુગાવાની સમસ્યા શરૂ થઈ અને વર્ષ 2020માં ફુગાવાનો દર 2300 ટકા થયો જે 2022માં એટલે કે વર્તમાનમાં 2700 ટકા જેટલો થયો છે. ડોલરના સંદર્ભમાં વેનેઝુયલન બોલીવ (વેનેઝુએલાનું ચલણ)નો વિનિમય દર 2022માં 1 ડૉ = 2,03,856 બોલીવ પ્રવર્તે છે.

## 7.6 ફુગાવાના પ્રકારો :-

ફુગાવાના જુદા જુદા દષ્ટિકોણથી પ્રકારો પાડવામાં આવ્યા છે.

**1 ભાવોની ગતિ આધારિત ફુગાવાના પ્રકાર.**

**(i) હળવો ફુગાવો :-**

સામાન્યતઃ કાળક્રમે ચીજ વસ્તુઓના ભાવોમાં ધીમી ગતિએ 2 થી 3 ટકાના દરે ભાવો વધતા હોય તેને હળવો કે મંદ ગતિનો ફુગાવો કહે છે.

**(ii) ચાલતો ફુગાવો :-**

ફુગાવો કે ભાવ વધવાનો દર 2 ટકાથી વધુ અને નવ ટકા કરતાં ઓછો હોય ત્યારે અર્થતંત્રમાં ચાલતો ફુગાવો છે તેમ કહેવાય.

**(iii) દોડતો ફુગાવો :-**

અર્થતંત્રમાં ચીજ વસ્તુઓના ભાવો ઝડપથી વધવા માંડે એટલે દશ ટકાથી વધીને 20 ટકા સુધી તીવ્ર ગતિએ વધવા માંડે ત્યારે તેને દોડતો ફુગાવો કહેવામાં આવે છે.

**(iv) ઘોડાવેગી ફુગાવો :-**

જ્યારે અર્થતંત્રમાં ચીજવસ્તુઓ અને સેવાઓના ભાવોમાં એકદમ તીવ્રતાથી ભાવોમાં ઉછાળો આવે એટલે કે 20 ટકાથી વધુ પ્રમાણમાં ટકાવારી ફેરફાર થઈ મહત્તમ ભાવવધારો થાય ત્યારે તેને ઘોડાવેગી ફુગાવો કહેવાય. એટલે કે આશ્ચર્યજનક રીતે ટૂંકા સમયગાળામાં તીવ્ર ગતિથી ભાવોમાં વધારો થતો હોય છે. આવો ઘોડાવેગી ફુગાવો અર્થતંત્રમાં ઘણી ઉથલ પાથલો મચાવી આર્થિક અસ્થિરતાનું સર્જન કરે છે. આમ ભાવો વધવાની ગતિ આધારિત ફુગાવાના ચાર પેટા પ્રકારો ગણાવી શકાય.

**2 પરિણામની દ્રષ્ટિએ ફુગાવાના બે પ્રકાર પાડી શકાય. :**

**(1) ખુલ્લો ફુગાવો (2) દાબેલો ફુગાવો**

અર્થતંત્રમાં કોઈપણ જાતના હસ્તક્ષેપ વિના બજારની કુલ માંગ બજારના કુલ પુરવઠા કરતાં વધી જાય એટલે કે બજારમાં કુલ માંગ અને કુલ પુરવઠાની અસમતુલાના પરિણામે ભાવો સ્વતંત્ર રીતે કે નિરંકુશ પણે સતત વધતા જતાં હોય તો તેવા ફુગાવાને ખુલ્લો કહેવામાં આવે છે.

જ્યારે અર્થતંત્રમાં ખુલ્લા બજારમાં માંગ અને પુરવઠાની સતત અસમુતુલાને કારણે એટલે કે કુલ પુરવઠા કરતાં બજારમાં કુલ માંગનું પ્રમાણ વધુ હોય અને સતત વધતું જતું હોય તેવા સંજોગોમાં માંગ અને પુરવઠાની અસમતુલાને કારણે સતત ભાવો વધતા હોય ત્યારે સરકારના અસરકારક નિયંત્રણો કે અંકુશોને લીધે વધતા ભાવોને રોકે એને દાબેલો ફુગાવો કહેવામાં આવે છે.

**3 ભાવ સપાટીના અંદાજોની દ્રષ્ટિએ ફુગાવાના બે પ્રકાર પાડી શકાય :**

**(1) અપેક્ષિત ફુગાવો (2) અનપેક્ષિત ફુગાવો**

સામાન્ય રીતે બજારમાં કુલ માંગ અને કુલ પુરવઠામાં થતા ફેરફારોને લીધે ચીજવસ્તુ કે સેવાઓના ભાવો વધવાની શકયતાઓ જણાતી હોય એટલે કે ભાવવૃદ્ધિનો દર લોકોની અપેક્ષા કે અનુમાનો મુજબ હોય તો તેવા ભાવવધારાને અપેક્ષિત ફુગાવો કહેવામાં આવે છે. જેની જાણકારી અગાઉથી ગ્રાહકો અને ઉત્પાદકોને હોય છે. આથી ગ્રાહક અને ઉત્પાદક આવા ભાવ વધારાથી વાકેફ હોવાથી તેની અસર બહુ પડતી નથી.

જ્યારે બજારની કુલ માંગ અને કુલ પુરવઠાના ફેરફારોની અસર એકદમ બજાર ઉપર પડે અને એકદમ ઓચિંતા ચીજ વસ્તુ કે સેવાઓના ભાવોમાં ઉછાળો આવે, જેની સામાન્યતઃ જાણકારી અગાઉથી ગ્રાહક કે ઉત્પાદકોને ન હોય. અથવા ગ્રાહકો ને અપેક્ષા પણ ન હોય તેટલાં ઊંચા ભાવોમાં વધારો થાય જેના માટે ગ્રાહકો અગાઉથી માનસિક કે આર્થિક રીતે તૈયાર ન હોય તેવા સંજોગોમાં ભાવોમાં થતો વધારો એ અનપેક્ષિત ફુગાવો કહેવાય. દા.ત. 2009માં જમીનોની કિંમતોમાં થયેલો ભાવ વધારો.

**4. યુદ્ધ પ્રેરિત ફુગાવો :**

દેશ યુદ્ધનો સામનો કરી રહ્યો હોય તેવાં સંજોગોમાં દેશના મર્યાદિત ઉત્પાદનના સાધનો યુદ્ધ માટેની સામગ્રી કે યુદ્ધ માટેના શસ્ત્ર સરંજામ પાછળ રોકાય કે માનવ સંશાધન દેશના સંરક્ષણ પાછળ રોકયેલું રહે. એ સમયગાળામાં જરૂરી ચીજ વસ્તુઓનું ઉત્પાદન ઓછું થાય. કારણ કે ઉત્પાદનના સાધનોની ફાળવણી દેશના સંરક્ષણક્ષેત્રે જેટલા પ્રમાણમાં રોકાયેલી હોય તેટલા પ્રમાણમાં પ્રાથમિક જીવન જરૂરી વસ્તુઓનું ઉત્પાદન ઘટતાં ભાવોમાં વધારો થાય તો આવો ભાવ વધારો એ યુદ્ધ પ્રેરિત ફુગાવો ગણાય. એટલું જ નહી આંતરરાષ્ટ્રીય કક્ષાએ અન્ય દેશો યુદ્ધમાં રોકાયેલા હોય તેની અસર પણ પરોક્ષ રીતે ભાવ વૃદ્ધિ ઉપર પડે છે.

**5. વેતન પ્રેરિત ફુગાવો :**

વર્તમાન સમયમાં દરેક ક્ષેત્રમાં સંગઠિત કે અસંગઠિત ક્ષેત્રે મજૂર મંડળો અને કર્મચારીઓના મંડળો અસ્તિત્ત્વમાં આવ્યા છે. આ મંડળો તેમના સંગઠનને મજબૂત બનાવવા અને તેમના હિતોના રક્ષણ માટે સતત જાગૃત હોય છે. અર્થતંત્રમાં સામાન્ય ભાવસપાટી ઊંચી આવે કે તૂર્ત જ તેઓ તેમના માલિકો પાસે વેતન વધારાની માંગણી કરે છે અને માલિકો જો વેતન વધારો ન કરે તો તેમના સંગઠન બળો એકત્રિત થઈ તેમનો માલિકો સામે વિરોધ દર્શાવી હડતાલો પાડે છે. ધીમે કામ કરવું. પેન ડાઉન સ્થિતિ કે માલિકોને દબાવમાં લાવી તેમની માંગણીઓ સંતોષવા માલિકોને મજબૂર કરી વેતનવધારો પ્રાપ્ત કરવામાં સંગઠન સફળ બને છે. આ વેતન વધારો કિંમત વધારા સ્વરૂપે ગ્રાહકો પાસેથી વસુલવામાં આવે છે. આમ કિંમતમાં થતો વધારો એ વેતન પ્રેરિત ફુગાવો કહી શકાય.

**6. નફા પ્રેરિત ફુગાવો :**

ઉત્પાદકોના ઉત્પાદન ખર્ચમાં વધારો થાય તેના કારણે ઉત્પાદકોના નફાનો રેશિયો ઘટે છે. આવા સંજોગોમાં જો ઉત્પાદકો મૂલ્ય અનપેક્ષ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા હોય અને બજારમાં તે વસ્તુની માંગ ઘટવાની શકયતા ન હોય તેવા સંજોગોમાં ચીજવસ્તુ કે સેવાની કિંમતમાં વધારો કરી ઊંચા ભાવો લે તો એ ભાવ વધારો એ નફા પ્રેરિત ફુગાવો કહેવાય. ટૂંકમાં ઉત્પાદક પોતાનો નફો ટકાવવા કે વધુ મેળવવા ચીજવસ્તુ કે સેવાના ભાવોમાં વધારો કરે તો તે ભાવ વધારો નફાપ્રેરિત ફુગાવો કહેવાય છે.

**7. વિકાસલક્ષી ફુગાવો :-**

વિકાસશીલ કે અલ્પવિકસીત દેશો પોતાના વિકાસ માટે અનેક વિકાસલક્ષી યોજનાઓ બનાવી જાહેર ખર્ચમાં વધારો કરે છે. જાહેર ખર્ચમાં થયેલો વધારો દેશની પ્રજા પાસે આવક સ્વરૂપે આવતાં ચીજ વસ્તુઓ અને સેવાઓની માંગમાં પરિવર્તીત થાય છે. શરૂઆતમાં માંગની તુલનાએ ઉત્પાદનમાં વધારો ન થતાં કિંમતો વધે છે જે ભાવવધારો વિકાસલક્ષી ફુગાવો કહેવામાં આવે છે.


**8. માળખાગત ફુગાવો :-**

પ્રો. ચાર્લ્સ શુલ્ટઝ જેવા અર્થશાસ્ત્રીઓએ ફુગાવાની સમજૂતી માળખાગત ફેરફારોના સંદર્ભમાં આપી છે. તેમના મતે ગતિશીલ અર્થતંત્રમાં આવતા પરિવર્તનોને લીધે પણ ફુગાવો સર્જાય છે. ગતિશીલ પરિવર્તનોને લીધે અમુક ચીજ વસ્તુઓની માંગમાં વધારો થાય છે. જયારે કેટલીક ચીજ વસ્તુઓની માંગમાં ઘટાડો થાય છે. હવે

જે ક્ષેત્રો કે જે ઉદ્યોગોમાં માંગ વધે છે. ત્યાં ભાવો પણ વધે છે. અને આ ભાવ વધારાની સાથે ત્યાં વેતનમાં પણ વધારો થાય છે. પરંતુ બીજી તરફ જે ક્ષેત્રો કે ઉદ્યોગોમાં માંગ ઘટી છે ત્યાં ભાવો કે વેતનમાં ઘટાડો થતો નથી. કારણ કે ઔદ્યોગિક સમાજમાં કામદારોના મંડળોમાં સંઘ બળને લીધે ભાવ અને વેતન ઘટાડા અંગે ચુસ્તતા પ્રવર્તતી હોય છે એટલું જ નહિ આ ક્ષેત્રોમાં પણ વેતનદર વધે એવું બને. આમ અર્થતંત્રમાં અમુક ક્ષેત્રે કે ઉદ્યોગોમાં થયેલો ભાવવધારો અન્ય ક્ષેત્રોને પણ અસર કરે છે અને એ રીતે અર્થતંત્રમાં માળખાગત ફુગાવાની સ્થિતિ સર્જાય છે.

## 9. માંગ પ્રેરિત ફુગાવો (Demand full Intlation)


વિકાસશીલ કે વિકસતા જતા દેશોમાં આર્થિક વિકાસ વિકસીત દેશોની તુલનાઓ અલ્પ પ્રમાણ છે આથી ઝડપી આર્થિક વિકાસ કરવા માટે વિપુલ નાણાંની જરૂર છે. સરકારના આવકના સાધનો (જેવાં કે કરવેરા અને જાહેર દેવા) મર્યાદિત છે. પ્રજાની આર્થિક સ્થિતિ નબળી હોવાથી સરકારે વિકાસ કાર્યક્રમોને પહોંચી વળવા માટે ખાદ્ય પુરવણીનો આશરો લેવો પડે છે. અંદાજપત્રની ખાધ પુરવા રિઝર્વ બેંક નવી નોટોનું સર્જન કરે છે, જેને લીધે સમાજની કુલ ખરીદશક્તિ અને અસરકારક માંગ વધે છે. પરંતુ વસ્તુઓના ઉત્પાદનમાં તાત્કાલિક વધારો થઈ શકતો ન હોવાથી ભાવો ઊંચકાય છે. અને અર્થતંત્રમાં ફુગાવાની પરિસ્થિતિને માંગ પ્રેરિત કે માંગજન્ય ફુગાવા તરીકે ઓળખાય છે. જે આકૃતિમાં નીચે મુજબ જોઈ શકાય છે.




આકૃતિમાં OX રેખા ઉપર કુલ માંગ અને કુલ પુરવઠો તેમજ OY રેખા ઉપર સામન્ય ભાવ સપાટી દર્શાવી છે. SS પુરવઠા રેખા DD માંગરેખા A બિંદુએ એકબીજાને સ્પર્શતા OP કિંમત એટલે કે ભાવ સપાટી છે. લોકોની આવકો વધતાં વસ્તુની કુલ માંગ વધે છે. જે નવી માંગરેખા $D_1$ $D_1$ ને SS પુરવઠા રેખાને બિંદુએ સ્પર્શતા ભાવો વધીને $OP_1$ થાય છે એટલે કે $PP_1$ ભાવવધારો માંગને કારણે થયો છે. ત્યારબાદ માંગમાં વધારો થતાં નવી માંગરેખા $D_2D_2$ અને $D_3D_3$ અસ્તિત્ત્વમાં આવે છે. જે પુરવઠા રેખાને અનુક્રમે C અને D બિંદુએ કિંમત વધતાં $OP_2$ અને $OP_3$ ભાવવધારો કે ફુગાવો જોવા મળે છે. જ્યારે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ હોય ત્યારે પુરવઠાનું કુલ પ્રમાણ વધતું નથી અને માત્ર ને માત્ર કિંમતમાં વધારો થાય છે. જે માંગ પ્રેરિત ફુગાવો ગણાય. જે સમતુલાને 'C' બિંદુ ઉત્પાદનને વધતા માત્ર ભાવો વધે છે જે માગપ્રેરિત ફુગાવો કહેવાશે.

## 10 ખર્ચ પ્રેરિત ફુગાવો :-

અર્થતંત્રમાં માંગ સ્થિર હોય પરંતુ મજૂર મંડળો સક્રિય બની ઊંચા વેતનદરો મેળવવામાં સફળ બને ત્યારે માલિકો પોતાના નફામાં ઘટાડો કર્યા વગર ચીજવસ્તુઓની કિંમત વધારે છે. વળી ઈજારાની સ્થિતિવાળા ઉદ્યોગો સરળતાથી પોતાની વસ્તુઓની ઊંચી કિંમતનો વસુલ કરી શકે છે. આમ વેતન વધારો, કાચા માલ સામાનના ભાવમાં વધારો ઉત્પાદન ખર્ચમાં વધારો કરે છે. આવા ભાવ વધારાને ખર્ચ પ્રેરિત ફુગાવો કહેવાય. જે આકૃતિ દ્વારા સમજી શકાશે.




આકૃતિમાં દર્શાવ્યા મુજબ DD માંગરેખા AA પુરવઠા રેખાને A બિંદુએ સ્પર્શતા OM કુલ માંગ અને કુલ પુરવઠો છે. વસ્તુની OP કિંમત છે. ઉત્પાદન ખર્ચ વધવાથી પુરવઠો ઘટતાં $S_1S_1$ પુરવઠો રેખા B બિંદુએ માંગરેખાને કાપે છે. તેથી $OP_1$ ભાવ થશે. અને ઉત્પાદન $OM_1$ થશે એટલે કે $MM_1$ જેટલો પુરવઠો ઘટતાં ભાવમાં $PP_1$ જેટલો વધારો થાય છે. ઉત્પાદન ઘટતાં રોજગારી પણ ઘટશે. આમ ખર્ચપ્રેરિત ફુગાવો પુરવઠામાં ઘટાડો થતાં વસ્તુની અછતને કારણે ભાવ વધારો કે ફુગાવો થાયે છે.

## 11 યુદ્ધોત્તર ફુગાવો :-

યુદ્ધ સમયે ઉત્પાદનના સાધનો મશીનગન, દારૂગોળો વગેરે પાછળ રોકાય છે અને જીવનજરૂરી વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં ઓછા સાધનો રોકાતા યુદ્ધ પ્રેરિત ભાવવધારો થાય છે. પરંતુ યુદ્ધ પૂર્ણ થયા બાદ પણ તૂર્ત જ વસ્તુ કે સેવાનું ઉત્પાદન વધતુ નથી. વળી ઉત્પાદન વધવા માટે થોડોક જ સમય જાય છે. આ દરમ્યાન ચીજ વસ્તુ કે સેવાની અછતને કારણે ભાવો વધે છે. જેને યુદ્ધોતર ફુગાવો કહે છે.

## 12 વ્યાપકતાની દૃષ્ટિએ ફુગાવો :-

ભાવવધારાનો વ્યાપ કેટલો છે તેના આધારે બે પ્રકાર પાડી શકાય. (1) સાર્વત્રિક ફુગાવો એટલે કે સતત ભાવો વધતાં જ જાય અને તે તમામ ચીજવસ્તુની કિંમત ઉપર અસર કરે તેને સાર્વત્રિક ફુગાવો ગણાય (2) ક્ષેત્રીય ફુગાવો એટલે કે કોઈપણ એક ક્ષેત્ર પૂરતો ભાવવધારો હોય તેને ક્ષેત્રીય ફુગાવો કહેવામાં આવે છે. દા.ત. ખેત ઉત્પાદન ધારો કે કુદરતી પરિબળો વિપરીત બને જેમ કે અતિશય વરસાદ, દુષ્કાળ, વાવાઝોડું કે માનવીય પરિબળો. જેવાં કે હડતાલ પાડવી, ધીમે કામ કરોની નીતિ, ચોરી લૂંટફાટ, કોમી હુલ્લડો થાય તેવા સંજોગોમાં ચોક્કસ વિસ્તાર કે ચોક્કસ

એકમોમાં ચીજવસ્તુનું ઓછું ઉત્પાદન થાય અને કુલ માંગ સ્થિર હોય તેવા સંજોગોમાં જે તે વિસ્તાર કે ક્ષેત્રમાં ભાવો વસ્તુની અછતને કારણે વધે ત્યારે ક્ષેત્રીય ફુગાવો થયો તેમ કહેવાય.

આમ ભાવોની ગતિને આધારે, સ્વરૂપની દૃષ્ટિએ, અપેક્ષાની દૃષ્ટિએ, ફુગાવાની ઝડપને આધારે, ફુગાવાની વ્યાપકતાની દૃષ્ટિએ જુદા જુદા પ્રકારના ફુગાવા અસ્તિત્ત્વમાં આવે છે.

## 7.7 ફુગાવાના કારણો :-

અલ્પવિકસીત દેશોમાં ઝડપી આર્થિક વિકાસનો પાયો નાખવા માટે ભારે તથા ચાવીરૂપ ઉદ્યોગોમાં થતું વિપુલ મૂડીરોકાણ તે માટે સરકાર ખાધપુરવણી દ્વારા અર્થતંત્રમાં નાણાનો પુરવઠો વધારી દે છે. પ્રજાની આવકોમાં વધારો અને ચીજ વસ્તુઓની માંગમાં થતો વધારો એ ફુગાવાનું મૂળભૂત કારણ છે. જો કે અર્થતંત્રમાં ફુગાવાની પરિસ્થિતિ માટે અનેક કારણો જવાબદાર છે. કેટલીકવાર કારણોને અલગ પાડવાનું પણ મુશ્કેલ છે. મુખ્ય કારણો નીચે મુજબ છે

### 1 નાણાંના પુરવઠામાં વધારો :-

ભારતમાં છેલ્લાં કેટલાય વર્ષોથી સતત ગુણાત્મક રીતે નાણાંનો પુરવઠો વધતો રહ્યો છે. નાણાં પુરવઠાનો વધવાનો દર 15 થી 18 ટકા વચ્ચે રહ્યો છે. જ્યારે દેશનું રાષ્ટ્રીય ઉત્પાદન વાર્ષિક સરેરાશ માત્ર 4 ટકાના દરે વધ્યું છે. નાણાંનો પુરવઠો ઉત્પાદન વૃદ્ધિ કરતાં ઘણો વધુ છે. પરિણામે લોકોની ખરીદશક્તિ વધતાં ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

### 2 સરકારી ખર્ચમાં વધારો :-

છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારત સરકારના આયોજિત કે ઉત્પાદક ખર્ચાઓની તુલનાએ બિન ઉત્પાદક કે બિન વિકાસ ખર્ચનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. જે કુલ સરકારી ખર્ચના 40 ટકા જેટલું છે. સંરક્ષણ ખર્ચ, વહીવટી ખર્ચ, કલ્યાણલક્ષી યોજનાઓ પાછળ ખર્ચ, આંતરિક દેવાના વ્યાજની ચૂકવણી, સબસીડીઓની ચૂકવણી જેવા બિન વિકાસી સરકારના ખર્ચાઓ વધ્યાં છે. જે ચીજવસ્તુ કે સેવાનુ ઉત્પાદન કરતાં નથી, પરંતુ પ્રજાની આવકો કે ખરીદશક્તિ વધારે છે. જે ફુગાવાની જ્યોતમાં બળતણ ઉમેરે છે.

### 3. વસ્તી વૃદ્ધિનો ઝડપી દર :-

ભારતનો મોટો વર્ગ ગરીબીમાં જીવે છે. તેમજ વસ્તી વૃદ્ધિનો દર વાર્ષિક 2 ટકાથી વધુ છે. આઝાદી સમયે 1951માં ભારતની કુલ વસ્તી 36.1 કરોડ હતી. જે વર્તમાન સમયે 136 કરોડ થઈ છે. દર વર્ષે 1.6 કરોડ નવી વસ્તીનો ઉમેરો થાય છે. આ વધતી વસ્તીની પ્રાથમિક જરૂરિયાતો રોટી, કપડાં, મકાન, શિક્ષણ, આરોગ્ય વિષયક અને માળખાકીય સુવિધાઓની માંગમાં વધારો સતત થતો રહે છે. જ્યારે મર્યાદિત સાધનો દેશમાં ઉપલબ્ધ હોવાથી પુરવઠો વધતો નથી. પરિણામે ભાવ વધારો કે ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

### 4. ખાદ્ય પુરવણી :-

સરકારની મહેસૂલી આવક કરતાં જાહેરખર્ચ વધવાને કારણે સરકાર પાસે નાણાંની અછત રહે છે, સરકારના આવકના સ્ત્રોતો કરવેરા અને જાહેર દેવાની મર્યાદા

હોવાથી રિઝર્વ બેંક પાસે ઉછીના નાણાં લે છે. રિઝર્વ બેંક રોકડ અનામત પ્રમાણ ઘટાડીને કે નવા નાણાંનું સર્જન કરી સરકારને નાણાં ધીરે છે. સરકાર જાહેર ખર્ચ દ્વારા જેટલી ખાધ પુરવણી કરી હોય તેટલા નાણાં અર્થતંત્રમાં ફરતાં લોકોની આવક અને ખરીદશક્તિ વધતાં અર્થતંત્રમાં ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

**5 અપૂરતી કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ :-**

ભારતમાં હજુ પણ કૃષિક્ષેત્ર અને ઔદ્યોગિક ક્ષેત્ર વિશ્વની તુલનાએ પછાત અવસ્થામાં છે. દર વર્ષે કૃષિ અને ઔદ્યોગિક વિકાસનો લક્ષ્યાંક રાખ્યો હોય તેનાની ઘણું ઓછું ઉત્પાદન થાય છે. જો કે અનાજના ઉત્પાદનમાં 3.2 ટકાના દરે વાર્ષિક વૃદ્ધિ થાય છે. પરંતુ વારંવાર દુષ્કાળ કે વિપરીત સંજોગોમાં પાક નિષ્ફળ જાય પરિણામે ખાધ ચીજવસ્તુઓના ભાવોની સાથે સામાન્ય ભાવ સપાટી ઊંચી જાય છે. વળી પાકની ઓછી ઉત્પાદકતા વેપારીઓને સંગ્રહખોરી કૃત્રિમ અછત પેદા કરે છે. ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદન માત્ર 4.7 ટકાના સામાન્ય દરે વધ્યું છે. જે પ્રજાની માંગને સંતોષવા અપૂરતુ ઉત્પાદન છે. આમ કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદનવૃદ્ધિ નીચી રહેતાં ભાવો વધે છે.

**6. વધતી જતી આયાત કિંમતો :-**

ફુગાવો અને વૈશ્વિક ઘટના છે. ખાદ્યતેલ, ખાતર, સિમેન્ટ, રસાયણો અને મશીનરી જેવી મોટી આયાતો દ્વારા આંતરરાષ્ટ્રીય ફુગાવો દેશમાં આયાત થાય છે. પેટ્રોલિયમની આયાત કિંમતોમાં વધારો સૌથી વધુ અદભુત રહ્યો છે. પરિણામે સ્થાનિક ભાવ વધારામાં તેનો ફાળો વિશેષ છે. જે અન્ય ચીજવસ્તુઓમાં ફુગાવો સર્જે છે.

**7. વધતા કરના દરો :-**

સરકાર પોતાની આવકો વધારવા માટે એટલે કે વધારાના નાણાકીય સંસાધનો એકત્ર કરવા એકસાઈઝ ડ્યુટી, સેલ્સ ટેક્ષ અને વર્તમાન સમયમાં GST (Goods and Service Tax) જેવા પરોક્ષ દર પર વધુ નિર્ભર છે. આ પરોક્ષ વેરા સીધી રીતે કર વિવર્તન અને કરસંપાત દ્વારા ભાવોમાં વધારો પ્રેરે છે. જે ફુગાવાનું જનક કહી શકાય.

**8. સંચાલિત કિંમતોમાં વધારો :-**

અર્થતંત્રમાં બજારનો મોટો હિસ્સો સરકારી પગલાં દ્વારા નિયંત્રિત થાય છે. કૃષિ અને ઔદ્યોગિક એમ બંને પ્રકારની મહત્ત્વની ચીજવસ્તુઓ છે. જેના માટે ભાવ સ્તર સરકાર દ્વારા સંચાલિત હોય છે. જાહેર ક્ષેત્રમાં ઉત્પાદન ખર્ચ ઊંચુ આવે છે. પરિણામે જાહેરક્ષેત્રમાં થતા નુકસાનને ભરપાઈ કરવા માટે સરકાર સમયાંતરે કિંમતોમાં વધારો કરતી રહે છે, જે ખર્ચપ્રેરિત ફુગાવો સર્જે છે. કોલસો, આયર્ન અને સ્ટીલ, વીજળી, ખાતરો કેરોસીન, પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસ વગેરેની કિંમતો સરકાર મનસ્વી રીતે નક્કી કરે છે. આ ચીજ વસ્તુઓ જાહેર સાહસો દ્વારા પૂરી પાડવામાં આવે છે. સરકારનો ઈજારો હોવાથી તેની કિંમતો વારંવાર વધતાં ફુગાવો અસ્તિત્વમાં આવે છે. વર્તમાન સમયમાં રશિયા-યુક્રેન યુદ્ધ 2022માં ચાલુ હોવાથી બેરલ દીઠ ક્રૂડ ઑઈલના ભાવ 2021ની તુલનાએ 2022માં બમણા કરતાં વધુ હતા. રીટેઈલ ચીજ વસ્તુઓ તેલ અને ચરબી, શાકભાજી અને પ્રોટીનયુક્ત વસ્તુઓ જેવી કે માંસ અને માછલી જેવી આવશ્યક વસ્તુઓના ભાવો સતત વધ્યાં છે. યુક્રેન સૂર્યમુખી તેલનો મુખ્ય નિકાસકાર દેશ છે. રશિયા સાથેના યુદ્ધના પરિણામે

તેની અછત સર્જાતા ભાવો વધ્યાં છે.

**9 વધતી જતી મોંઘવારી અને ટ્રેડ યુનિયનોનું અસ્તિત્વ :-**

વધતી જતી મોંઘવારીને કારણે સંગઠિતક્ષેત્ર અને અસંગઠિત ક્ષેત્રના શારીરિક કે માનસિક શ્રમ કરનાર શ્રમિકો પોતાની વર્તમાન આવકમાંથી જીવન ટકાવી શકવા સક્ષમ નથી. આ સંજોગોમાં તેઓ પોતાના મંડળો રચીને વધુ વેતનની માંગણી કરે છે. મજબૂત સંગઠન બળો સામે સરકાર કે ઉત્પાદકોને ઝૂકવુ પડે છે. ઉત્પાદકો વસ્તુની કિંમત કે એવા ક્ષેત્રની કિંમતમાં વધારો કરી ભાવવધારો કરે છે. જેથી ફુગાવો અર્થતંત્રમાં સર્જાય છે.

**10 સબસીડીનો વ્યાય અને રદ કરવી :-**

વર્તમાન સમય એ કલ્યાણ રાજ્ય ગણાય છે. સરકાર કૃષિક્ષેત્રે ખેડૂતોને રાહત આપવા માટે કેટલીક સબસીડીઓ આપે છે. આથી સરકારી ખર્ચ એક બાજુ વધી જાય છે. સરકાર ખાધ પુરવણીનો આશરો લે અને તેથી અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધે અને ભાવો વધે. બીજી બાજુ સરકાર સબસીડી રદ કરે તો તેટલા પ્રમાણમાં ભાવો વધે છે અને ફુગાવો થાય છે.

નોબેલ પારિતોષિક મિલ્ટન ફ્રિડમેન નાણાંવાદના હિમાયતી હતા. તેઓના મતે ફુગાવા માટે સૌથી મોટુ નિર્ણાયક પરિબળ જો કોઈ હોય તો તે નાણાંપરિમાણ કે નાણાંનો પુરવઠો છે. ફુગાવો એ શુદ્ધ નાણાકીય ઘટના છે.

## 7.8 ફુગાવાની અસરો :-

ફુગાવો એ સમયાંતરે માલસામાન અને સેવાઓના ભાવમાં સતત અને વ્યાપક વધારો છે. જે ખરીદ શક્તિમાં ઘટાડો કરે છે. હળવો ફુગાવો હકારાત્મક રીતે ઉપયોગી છે. જે દેશના આર્થિક વિકાસ માટે જરૂરી છે. પરંતુ તીવ્ર ગતિએ ઊંચો ફુગાવો અર્થતંત્રની લાંબાગાળાની કામગીરીને બગાડે છે. રિયલ એસ્ટેટ, એનર્જી કોમોડીટી અને વેલ્યુ સ્ટોકસે ઐતિહાસિક રીતે ઊંચા અથવા વધતા ફુગાવાના સમયગાળા દરમ્યાન શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. તેનાથી વિપરીત બોન્ડ્સ અને મોંઘા વૃદ્ધિ શેરો પાછળ રહે છે. કારણ કે ફુગાવો રોકાણકારો માટે તેમના ભાવિ રોકડ પ્રવાહના વર્તમાન મૂલ્યને ઘટાડે છે. ફુગાવાની મુખ્ય અસરો નીચે મુજબ છે.

**સમાજના જુદા જુદા વર્ગ પરની અસર :-**

**I આવક અને સંપતિના વિતરણ (વહેંચણી) પરની અસરો :-**

ફુગાવાની અસર રાષ્ટ્રીય અર્થવ્યવસ્થામાં વ્યક્તિઓના વિવિધ જૂથો દ્વારા અસમાન રીતે અનુભવાય છે. લોકોના કેટલાંક જૂથો મોટી સંપતિ કમાવીને લાભ મેળવે છે અને કેટલાક જૂથો સંપતિ કે નાણાં ગુમાવે છે. લોકોના જુદા જુદા જૂથો પર ફુગાવાની અસર નીચે મુજબ છે.

**1) લેણદારો અને દેણદારો :-**

લેણદારો એટલે જેણે ઉછીના નાણાં આપ્યા છે તે અને દેણદારો કે જેણે દેવું કરેલ છે તે. ફુગાવામાં સામાન્ય ભાવ સપાટી ઊંચી જાય છે તેથી લેણદારો કે જેણે ઓછી કિંમતના સમયગાળામાં ઉછીનાં નાણાં આપ્યા છે તે સમયે નાણાંનું મૂલ્ય ઊંચુ હોય છે અને જ્યારે તે નાણા પરત મેળવે છે ત્યારે ફુગાવાને કારણે કિંમતો ઊંચી

જતા નાણાંની ખરીદશક્તિ ઓછી થાય છે એટલે કે નાણાંનું મૂલ્ય ઘટી જાય છે. તેથી લેણદારોએ નાણાંના સ્વરૂપમાં ઉછીના નાણાં આપ્યા હોય તેઓની વાસ્તવિક આવક ઘટતા નુકસાન જાય છે. પરંતુ જો વસ્તુ સ્વરૂપે ઉછીનું આપ્યું હોય તો નુકસાન જતુ નથી. જ્યારે દેણદારો ફુગાવાના સમયે ચલણમાં નાણુ ચૂકવે છે. (દેવું પરત કરે છે) તેઓની વાસ્તવિક ખરીદ શક્તિ એટલકે કે નાણા મૂલ્યમાં ઘટાડો થવાથી ભાવો વધે છે. આથી તેને ફુગાવામાં ફાયદો થાય છે.

**2) ઉત્પાદકો, નિયોજકો અને વેપારીને ફાયદો :-**

ફુગાવા દરમ્યાન ચીજવસ્તુ અને સેવાઓના ભાવોમાં સતત વધારો થતો હોવાથી ઉત્પાદકો, નિયોજકો અને વેપારીઓના નફાનો ગાળો કિંમત સ્વરૂપે વધતો હોવાથી સારો એવો નફો મળી રહે છે. જો કે સમય જતાં વસ્તુઓના ભાવોમાં વધારો થાય પરંતુ ઉત્પાદનખર્ચ એટલે કે વેતન, કાચા માલનું ખર્ચ, વ્યાજ વગેરે વધે છે. પણ ઉત્પાદન ખર્ચ ભાવવધારા ઓછી ઝડપથી વધતાં આ વર્ગને ફુગાવામાં અણધાર્યો લાભ પ્રાપ્ત થાય છે.

**3) કામદાર વર્ગ કે શ્રમિક વર્ગને નુકસાન :-**

કામદાર વર્ગ કે શ્રમિક વર્ગને ફુગાવા દરમ્યાન ભાવવૃદ્ધિના પરિણામે શરૂઆતમાં શોષાવું પડે છે. કારણ કે તેમના નાણાકીય વેતનમાં તાત્કાલીક વધારો થતો નથી. આથી કામદારોની વાસ્તવિક આવક કે ખરીદશક્તિ ઘટે છે. પરંતુ તેઓ સંગઠિત થઈ વેતન વધારાની માંગણીનો સ્વીકાર કરાવી શકે છે. પરંતુ ઉત્પાદકો વેતનવધારા કરતાં ચીજવસ્તુના ભાવો વધુ વધારે છે. પરિણામે કામદાર કે શ્રમિકને વાસ્તવિક આવક ઘટતાં નુકસાન જાય છે

**4) સ્થિર કે બાંધી આવક કમાવનાર વર્ગને નુકસાન :-**

સ્થિર કે બાંધી આવક કમાવનાર વર્ગની આવકો સ્થિર રહેતાં તેઓને નુકસાન થાય છે. પગારદાર નોકરો, મજૂરો, ભાડા જેવી આવક કમાવાનાર વર્ગ, ડિબેન્ચર અને નિશ્ચિત વ્યાજ આપનાર પસંદગીના શેરમાં રોકાણ કર્યુ હોય તેવા વર્ગને ફુગાવા દરમ્યાન તેમની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે. ભાવવધારા સ્વરૂપે આવકો વધતી નથી. ઈક્વીટી શેરમાં રોકાણકારોને ફાયદો થાય છે. કારણ કે તેઓને મોટા કોર્પોરેટ નફાને કારણે ઊંચા દરે ડિવિડન્ડ મેળવે છે.

**5) વેપારીઓ, સટોડિયાઓ, ધંધાર્થીઓ અને કાળા બજારીયાઓને ફાયદો :-**

આ વર્ગમાં આવતા લોકોને ફુગાવા દરમ્યાન સતત ભાવો વધતાં વધુ નફો મળે છે. સંગ્રહખોરીને પ્રોત્સાહન મળે છે. ઉત્પાદકો તેમજ ઉપભોક્તાઓ (ગ્રાહકો) ફુગાવા દરમ્યાન સંગ્રહખોરી તરફ વળ્યાં છે. આથી ઉત્પાદન વધે તો પણ ચીજવસ્તુની કૃત્રિમ અછત સર્જાય છે. અને વસ્તુના કાળાબજાર વડે ઊંચી કિંમત ગ્રાહકો પાસેથી વસુલ કરી નફો મેળવે છે.

**6) આવકની અસમાન વહેંચણી :-**

ફુગાવાના લીધે આવકની અસમાનતા વધી છે. ઉત્પાદકો અને વેપારીઓના નફા વધ્યાં છે. તેઓ શ્રીમંત બન્યા છે. જ્યારે મજૂરો, અસંગઠિત ક્ષેત્રના કામદારો અને બાંધી આવક મેળવનાર વર્ગોની આવકમાં વધારો થતો નથી આથી તેઓ ગરીબ રહે છે. આમ આવકની અસમાનતાઓ વધે છે. સમાજ અમીર-ગરીબમાં વહેંચાઈ જાય છે.

**7) ખેડૂતવર્ગ :-**

ખેતપેદાશના ભાવો વધતાં ખેડૂતોને ફાયદો થાય છે. પરંતુ કમિશન એજન્ટ, દલાલો જેવા વચેટિયાઓ ભાવવૃદ્ધિનો લાભ લઈ જાય છે. સાચા અર્થમાં ખેડૂત કે અનાજ પકવનારને ભાવવૃદ્ધિનો લાભ મળતો નથી.

II **અર્થતંત્ર પરની અસરો :-**

**1) બચત અને મૂડીરોકાણ ઉપર અસર :-**

ફુગાવા દરમ્યાન પ્રજાની આવકો ભાવવધારા સ્વરૂપે જતી રહેતાં બચત શક્તિ ઉપર વિપરીત અસર થાય છે. નાણાકીય વ્યાજનો દર વધે છે. પરંતુ ફુગાવાના દરને કારણે વ્યાજનો દર ઓછો રહેતાં લોકોની બચતશક્તિ અને વૃત્તિ ઘટે છે. વળી ભવિષ્યમાં ભાવો સતત વધતાં રહેશે તેવી ભીતિના કારણે વર્તમાનમાં ઊંચા ભાવે પણ ખદીદશક્તિ વધે છે. પરિણામે બચતો એટલા પ્રમાણમાં ઘટે છે.

દેશમાં લોકોની કુલ બચતો ફુગાવા દરમ્યાન ઓછી રહેવાને કારણે જરૂરી મૂડીરોકાણ દેશના આર્થિક વિકાસ માટે ઓછું પડે છે. વળી ભાવસપાટી સ્થિર ન હોવાથી અર્થતંત્રમાં અનિશ્ચિતતાઓ વધે છે. રોકાણ અંગેના લાંબાગાળાના નિર્ણયો કરવા મુશ્કેલ બને છે. આમ ફુગાવા દરમ્યાન બચતો અને મૂડીરોકાણ ઉપર વિપરીત અસર થાય છે.

**2) આર્થિક વિકાસ ઉપર અસર :-**

ભાવ વધારાને પરિણામે લોકોની બચત અને મૂડીરોકાણની શક્તિ ઉપર વિપરીત અસરો સર્જાય છે. બચતોના પ્રમાણમાં ઘટાડો થવાથી વાસ્તવિક સાધનોની અછત સર્જાય છે. જેથી દેશના મર્યાદિત સાધનોનો ઈષ્ટ ઉપયોગ થતો અટકે છે. પરિણામ સ્વરૂપ આર્થિક વિકાસ અવરોધાય છે. વિકાસશીલ અર્થતંત્રમાં ફુગાવાનો હળવો ડોઝ (હળવો ફુગાવો) અનિવાર્ય અને ઈચ્છનીય હોવા છતાં ફુગાવાનો ઊંચો દર મૂડી નિર્માણના દરને ધીમો કરીને અને અનિશ્ચિતતા ઊભી કરીને વિકાસ દરને નીચો કરે છે. અર્થતંત્રના દષ્ટિકોણથી ફુગાવાની સૌથી ગંભીર અસર એ છે કે તે વ્યવસાયના આર્થિક વાતાવરણને અસ્થિર બનાવે છે. વળી ભાવવધારો (ફુગાવો) અને વેતન વધારાનું વિષચક્ર ચાલ્યા જ કરે છે. આ સાથે શ્રમિકોના વેતનમાં વધારો ન થાય ત્યાં સુદી હડતાલ, 'ધીમે કામ કરો'ની નીતિ અને ઔદ્યોગિક અશાંતિ સર્જાય છે. પરિણામે ચીજવસ્તુઓનું ઉત્પાદન ઓછઉં થાય છે. જે દેશના આર્થિક વિકાસ માટે હાનિકારક છે.

**3) યોજનાના ખર્ચમાં વધારો :-**

ફુગાવા દરમ્યાન સતત ભાવવધારાને કારણે વેતન વધારો અને કાચા માલના ભાવોમાં વધારો થતાં ઉત્પાદનખર્ચ વધે છે. આથી સરકારી ખર્ચમાં અને ખાનગી ખર્ચમાં વધારો થાય છે. સરકાર કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી વિવિધ યોજનાઓમાં આયોજનપૂર્વક મૂડીરોકાણ કરે છે પરંતુ ફુગાવામાં ભાવો વધવાથી યોજનાઓના ખર્ચમાં વધારો થતાં કેટલીક યોજનાઓ લાંબા ગાળે પણ પૂર્ણ થતી નથી અને કેટલીક યોજનાઓ અધ વચ્ચે અધુરી મૂકવી પડે છે. જે દેશના આર્થિક વિકાસ ઉપર વિપરીત અસર પહોંચાડે છે.

**4) વિદેશી મૂડીરોકાણમાં વધારો :-**

દેશમાં ફુગાવો સર્જાતા દેશની બચતો અને મૂડીરોકાણ ઉપર વિપરીત અસર થાય

છે. પરંતુ વિદેશના લોકો, વિદેશની સંસ્થાઓ કે કંપનીઓ ફુગાવા દરમ્યાન વધુ આવક ઉપાર્જનને ધ્યાને લઈ ભારતમાં મૂડીરોકાણ કરવા પ્રોત્સાહિત થાય છે. ઉદારીકરણની 1991ની નીતિ અનુસાર વિદેશી મૂડીરોકાણકારો સરળતાથી ભારતમાં મૂડીરોકાણ કરવા પ્રેરાય છે. વિદેશી મૂડીરોકાણ વધવાથી ઉત્પાદન અને રોજગારીમાં વધારો થાય છે. જે હળવા ફુગાવાની સારી અસર ગણી શકાય.

**5) વિદેશ વેપાર ઉપર વિપરીત અસર :-**

ફુગાવાને કારણે ભારતમાં ચીજવસ્તુ અને સેવાના ભાવોમાં વધારો થતાં વિદેશી ચીજવસ્તુ અને સેવા તુલનાત્મક રીતે સસ્તા લાગે છે. જેને પરિણામે વિદેશમાંથી ભારતમાં આયાતો વધે છે. દેશની વસ્તુ વિદેશના લોકોને ફુગાવાને કારણે મોંઘી લાગતા તેની માંગ ઘટે છે અને નિકાસો ઘટે છે. આમ આયાતો વધુ અને નિકાસો ઓછી થતાં લેણદેણની તુલા અસમતોલ રહે છે. જે દેશના ઉત્પાદકો, રોજગારી વગેરે ઉપર વિપરીત અસર કરે છે. વળી વિદેશી વસ્તુઓ દેશની વસ્તુઓ કરતાં સસ્તી અને સારી લાગે છે. પરિણામે વિદેશી વસ્તુઓની માંગ વધે છે. સરકાર દ્વારા આયાત જકાતો વધુ હોવાથી દાણચોરીને પ્રોત્સાહન મળે છે. આ ઉપરાંત વિદેશી આયાતો વધતાં, આયાતોનું બિલ ચૂકવવા માટે દેવુ કરવું પડે છે. વિદેશી આયાતો વધતાં, નિકાસો ઘટતાં દેશમાં વિદેશી હૂંડિયામણની અછત સર્જાય છે. આમ ફુગાવા દરમ્યાન વિદેશ વેપારની વિપરીત અસર થાય છે અને વિદેશી ચૂકવણીઓનો બોજ વધે છે.

ફુગાવાને કારણે વિદેશી વસ્તુઓ સસ્તી લાગે છે. વિદેશી મુસાફરી પણ સસ્તી લાગશે. ફુગાવાને લીધે તબીબી સારવાર, ભાડુ, પગાર ઓછો, વસ્તુના ઊંચા ભાવ હોવાથી ખિસ્સા ઉપર વધુ બોજ પડે છે. દેશમાં સંગ્રહખોરીનું પ્રમાણ વધે છે. લાંબા ગાળાની બચતો ઘટે, મૂડીરોકાણ ઘટે, ઉત્પાદન ઓછું થાય પરિણામે રાષ્ટ્રીય આવક ઘટે, માથાદીઠ આવકો પણ ઓછી થાય છે. સટ્ટાકીય હેતુ માટે રોકાણમાં વધારો થશે. મૂડીસંચય ઉપર નકારાત્મક અસરો પેદા થશે. ભારતીય રૂપિયાનું અવમૂલ્યન થશે. આમ વિવિધ પ્રકારની અસરો ફુગાવા દરમ્યાન થાય છે.

## 7.9 ફુગાવો નિવારવાના ઉપાયો :-

કોઈપણ દેશ માટે કાયમી ધોરણે ફુગાવો રહે તો તે હાનિકારક છે અને દેશના આર્થિક વિકાસને રૂંધે છે. સામાન્ય રીતે ફુગાવો એ નાણાકીય ઘટના છે. નાણાંના પુરવઠાને અંકુશમાં લેવાથી કે નિયંત્રિત કરવાથી ફુગાવો નિયંત્રિત થશે. ઓલ ઈન્ડિયા ઈકોનોમિકસના ભૂતપૂર્વ પ્રમુખ અને મુંબઈ યુનિવર્સિટીના જાણીતા અર્થશાસ્ત્રી પ્રો.સી.એન. વકીલના જણાવ્યા મુજબ “ભાવવધારાને સ્ટવ ઉપર મુકેલી તપેલીમાં ઉભરો આવતા બેબાકળી બનેલી ગૃહિણી ઉભરાને સમાવવા માટે તપેલી ઉપર ફૂંકો માર્યા કરે છે. પરંતુ સ્ટવનું ઈંધણ ઓછું કરવાનું ભૂલી જાય છે. તે રીતે સરકારો પણ ભાવવધારાથી બેબાકળી બનીને ભાવોને રોકવા માટે આડેધડ નિયંત્રણો લાધ્યા કરે છે. પરંતુ ભાવ વધારારૂપી ઉભરા માટે કારણરૂપ એવા નાણાં પુરવઠારૂપી ઈંધણ ઓછું કરતી નથી.” આનો સ્પષ્ટ અર્થ એ છે કે નાણાંના પુરવઠાને ઓછું કરવાથી જ ફુગાવો અંકુશમાં આવી શકે તેમ છે.

ઈંગ્લેન્ડમાં પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ભાવવધારાની (ફુગાવો) સ્થિતિ સર્જાઈ ત્યારે એક અર્થશાસ્ત્રીએ બ્રિટનના નાણામંત્રી સામે ફરિયાદ નોંધાવી કેસ કર્યો કે નાણામંત્રી મારા ખિસ્સામાંથી રોજે રોજ પૈસા ચોરી જાય છે. આ જ વસ્તુ ભારતમાં બની.

ગાંધીવાદી અર્થશાસ્ત્રી જે.સી. કુમારપ્પાએ બ્રિટીશ શાસન દરમ્યાન ભાવવધારાના પરિણામે લોકોના ખિસ્સા ખાલી થઈ જાય છે. તેવા વિચારો તેમના લખાણોમાં રજૂ કર્યા. તેથી સરકારે તેમની ધરપકડ કરી હતી.

ફુગાવો એક આર્થિક અને સામાજિક અનિષ્ટ છે. જો તેને નિયંત્રિત કરવામાં ન આવે તો અર્થતંત્ર ઉપર તેની માઠી અસરો પડતી હોય છે. ફુગાવો થવાનું મુખ્ય કારણ અર્થતંત્રમાં કુલ ખર્ચ સતત વધતું રહે છે. જ્યારે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન તેટલા પ્રમાણમાં વધતું નથી. આથી ફુગાવાને અંકુશમાં રાખવા માટે બે પ્રકારના મહત્ત્વના પગલાં સૂચવી શકાય.

(A) અર્થતંત્રમાં થતાં કુલ નાણાંકીય ખર્ચને મર્યાદિત કરવું અથવા તો ખર્ચમાં ઘટાડો કરવો.

(B) ઉત્પાદનમાં વધારો કરવો.

અર્થતંત્રમાં થતાં કુલ નાણાકીય ખર્ચના પાંચ મહત્ત્વના વિભાગો છે (1) સરકારનું વપરાશી ખર્ચ (2) સરકારનું મૂડીરોકાણ ખર્ચ (3) વિદેશી મૂડીરોકાણ ખર્ચ (4) નિયોજકનું મૂડીરોકાણ ખર્ચ અને (5) ઉપભોક્તા (ગ્રાહકો)નું વપરાશી ખર્ચ. ફુગાવા દરમ્યાન આ પાંચ પ્રકારના ખર્ચ વધે છે તેથી તેને અંકુશમાં લેવા માટે મહત્ત્વના ત્રણ પગલાં (1) નાણાકીય નીતિ (2) રાજકોશીય નીતિ અને (3) વહીવટી પગલાં વડે ફુગાવાને અંકુશિત કરી શકાય છે.

## 31 નાણાકીય નીતિ :-

ફુગાવાને અંકુશમાં લેવા માટે રિઝર્વ બેંક મોંઘી નાણાનીતિ અપનાવવામાં આવે છે. નાણાના પુરવઠામાં ઘટાડો કરી લોકોની ખરીદશક્તિ ઘટે અને ચીજવસ્તુઓની માંગમાં ઘટાડો થતાં ભાવો અંકુશમાં આવે છે. આ માટે રિઝર્વ બેંક નાણાકીય નીતિના પરિમાણાત્મક અને ગુણાત્મક શાખ નિયંત્રણનો ઉપયોગ કરે છે.

### (I) પરિમાણાત્મક શાખ નિયંત્રણ :-

પરિમાણાત્મક શાખ નિયંત્રણ અથવા નાણાંનો પુરવઠો ઘટાડી અસરકારક માંગ અંકુશિત કરવા રિઝર્વ બેંક ત્રણ સાધનોનો નાણાંકીય નીતિ દ્વારા પગલાં લે છે.

**(i) બેંક દરમાં વધારો :-**

રિઝર્વ બેંક જે વ્યાજના દરે વેપારી બેંકોને લોન કે ધિરાણ આપે છે. તેને બેંક રેટ કહેવામાં આવે છે. ફુગાવા દરમ્યાન રિઝર્વ બેંક બેંક રેટ (વ્યાજનોદર)માં વધારો કરે છે. આથી વેપારી બેંકો ધિરાણનો દર વધારે છે. પરિણામે વ્યાપારી બેંકો પાસેથી ધિરાણ મોંઘુ પડતાં અર્થતંત્રમાં ધિરાણની માંગ ઘટે છે. આથી અર્થતંત્રમાં કુલ નાણાંનો પુરવઠો ઘટતાં ફુગાવો અંકુશમાં આવે છે. દા.ત. રિઝર્વ બેંક 5 ટકાથી બેંક રેટ વધારી 8 ટકા કરે તો અર્થતંત્રમાં વ્યાપારી બેંકોને વધુ વ્યાજ ચૂકવવું પડે. આથી વ્યાપારી બેંકો તેનાથી ઊંચા દરે લૉન કે ધિરાણ આપશે. પરિણામે ધિરાણ લેનારાઓને ઊંચા વ્યાજના કારણે ઓછું ધિરાણ લેશે. જેથી અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો ઓછો આવતાં ચીજવસ્તુ અને સેવાઓની માંગ ઘટતા અર્થતંત્રમાં ફુગાવો કે ભાવ વધારો ઓછો થશે. આમ રિઝર્વ બેંક બેંક દર માં વધારો કરી ફુગાવાને અંકુશમાં લેવા પ્રયત્ન કરે છે. દા.ત. 1981માં બેંક રેટ 10 ટકા અને 1991માં જુલાઈમાં 11 ટકા બેંક રેટ વધારી ફુગાવો અંકુશિત કર્યો હતો. જે ઑકટોબર

1991માં સૌથી વધુ બેંક રેટ 12 ટકા હતો. ત્યારબાદ ક્રમશઃ ઘટાડો થયો અને હાલમાં બેંકદર 4.25 ટકા છે. બેંક રેટમાં વધારો થતાં બિનજરૂરી અને સટ્ટાકીય મૂડી રોકાણો અટકે છે અને ફુગાવા જન્ય દબાણો અંકુશમાં મૂકવામાં આવે છે.

**(ii) ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું વેચાણ :-**

Open Market Policy એટલે કે ખુલ્લા બજારની નીતિ મુજબ રિઝર્વ બેંક અર્થતંત્રમાં જામીનગીરીઓનું વેચાણ કરે છે. વ્યાપારી બેંકો અને લોકો જામીનગીરીઓ ખરીદે છે. આથી લોકો પાસેના રોકડ નાણાં રિઝર્વ બેંક પાસે જામીનગીરી ખરીદી સ્વરૂપે જતાં અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો ઘટે છે. લોકોની ચીજવસ્તુ અને સેવાની ખરીદશક્તિ ઘટે છે. નાણાં પુરવઠો ઘટવાથી બજારમાંગ ઓછી થતાં ભાવસપાટીમાં ઘટાડો થશે. આમ ખુલ્લા બજારમાં જામીનગીરીનું વેચાણ એ ફુગાવાને અંકુશિત કરે છે.

**(iii) રોકડ અનામત પ્રમાણમાં વધારો :- (CRR)**

રિઝર્વ બેંક તથા વ્યાપારી બેંકો ભાવ સલામતી માટે કેટલુંક નાણું રોકડ અનામત રાખે છે. અર્થતંત્રમાં ફુગાવો થયો હોય ત્યારે તેને અંકુશમાં લેવા રિઝર્વ બેંક વ્યાપારી બેંકોને આદેશ આપી બેંક થાપણોનો અમુક ભાગ રિઝર્વ બેંકમાં રોકડ અનામત સ્વરૂપે વધુ રાખે છે. જેથી વ્યાપારી બેંકોની ધિરાણ આપવાની શક્તિમાં ઘટાડો થાય છે. તેટલા પ્રમાણમાં અર્થતંત્રમાં બેંક નાણાંના પ્રમાણમાં ઘટાડો થશે અને ચીજવસ્તુ કે સેવાઓની માંગમાં ઘટાડો થશે અને માંગ ઘટતાં ફુગાવો અંકુશમાં આવશે. આમ રોકડ અનામત પ્રમાણમાં વધારો કરવાનો આદેશ આપીને રિઝર્વ બેંક શાખ નિયંત્રણ કરે છે. રોકડ અનામત પ્રમાણ 1981માં 7 ટકા, 1989માં 15 ટકા, 1990માં 38.5 ટકા, 1994માં 31.5 ટકા હતું. જે ફુગાવાને અંકુશિત કરે છે. ત્યારબાદ રોકડ અનામત પ્રમાણમાં સતત ઘટાડો થયો છે. ઓગસ્ટ 1998માં 11 ટકા, 1999માં 9 ટકા, જાન્યુઆરી 2004માં 4.5 ટકા, જાન્યુઆરી 2005માં 5 ટકા અને હાલમાં રોકડ અનામત પ્રમાણ 3 ટકા છે.

**(iv) વૈધાનિક રોકડના પ્રમાણમાં વધારો :- (SLR)**

રોકડ અનામત પ્રમાણની સાથે રિઝર્વ બેંક વૈધાનિક રોકડના પ્રમાણમાં પણ વધારો કરે છે. વેપારી બેંકોએ પોતાની થાપણોનો જે ભાગ સરકારી જામીનગીરીઓમાં ફરજિયાત રોકવો પડે છે. તેને વૈધાનિક રોકડના પ્રમાણ કહેવામાં આવે છે. આમ રિઝર્વ બેંક વૈધાનિક રોકડના પ્રમાણ (SLR) વધારે તેમ વ્યાપારી બેંકોની ધિરાણ આપવાની શક્તિ ઘટે છે. હાલમાં વૈધાનિક રોકડ પ્રમાણ 18 ટકા છે. જે ફુગાવાને અંકુશિત કરે છે.

**(2) ગુણાત્મક શાખ નિયંત્રણ :-**

રિઝર્વ બેંક શાખનિયંત્રણ કરવા માટે પરિમાણાત્મક સાધનોની સાથે ગુણાત્મક શાખ નિયંત્રણ પણ કરે છે. રિઝર્વ બેંક વ્યાપારી બેંકોએ કયા હેતુઓ માટે ધિરાણ આપવું, કેટલા પ્રમાણમાં ધિરાણ આપવું, કેટલા વ્યાજે ધિરાણ આપવું અને કેટલું માર્જિન રાખવું જેવા શાખની માપબંધી, ઋણ સીમામાં ફેરફાર, નૈતિક સમજાવટ, સલાહ સૂચનો, સીધા પગલાં, પ્રચાર વગેરે દ્વારા બિનજરૂરી અને ઓછા ઉત્પાદક દિશાઓ તરફ જતું ધિરાણ અટકાવીને અર્થતંત્રમાં નાણા પુરવઠાની પ્રવાહિતતા ઉપર અસર કરે છે. અને ફુગાવાને અંકુશમાં લેવાનો પ્રયત્ન કરે છે.

(..) **રાજકોશય નીતિ :-**

જેમ નાણાકીય નીતિ દ્વારા રિઝર્વ બેંક અર્થતંત્રમાં નાણાના પુરવઠાને અંકુશિત કરી ફુગાવાને નિયંત્રણમાં લેવાનો પ્રયત્ન કરે છે. તેવી જ રીતે કેન્દ્ર સરકાર રાજકોશીય નીતિ દ્વારા એટલે કે રાજ્યની આવક - જાવકને લગતાં પગલાં દ્વારા અર્થતંત્રમાં ચીજ વસ્તુઓ અને સેવાઓની કુલ માંગનું નિયંત્રણ કરવાનુ છે. ફુગાવાને અંકુશિત કરવા નીચે મુજબ રાજકોશીય પગલાં લેવામાં આવે છે.

**(i) કરવેરામાં વધારો :-**

સરકાર પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરામાં વધારો કરીને પ્રજા પાસેના નાણાં કર સ્વરૂપે ઉઘરાવી લે છે. જેથી લોકો પાસે નાણાંનો પુરવઠો ઘટે અને ચીજ વસ્તુઓ અને સેવાની માંગ ઘટે, લોકોની ખરીદશક્તિ ઓછી કરી ફુગાવાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે છે. સરકાર આવકવેરો, મિલકત કે સંપત્તિ વેરો જેવા પ્રત્યક્ષ કર અને વેચાણ વેરો, આબકારી જકાત, આયાત-જકાત, GST જેવા પરોક્ષ કરવેરામાં વધારો કરે છે. પરોક્ષ કરવેરામાં વધારો કરી ચીજવસ્તુઓનો ભાવો ઊંચા જાય છે. જેથી લોકોની ખરીદશક્તિ ઘટશે. પ્રત્યક્ષવેરા દ્વારા લોકો પાસેના નાણાં કર સ્વરૂપે સરકાર પાસે આવતાં લોકો પાસે નાણાંનો પુરવઠો ઓછો થતાં, માંગ કે ખરીદશક્તિ ઘટશે અને ફુગાવો અકુંશમાં આવશે. બીજી તરફ સરકાર પાસે પ્રત્યક્ષ કે પરોક્ષ કર સ્વરૂપે નાણાં આવતાં ઉત્પાદક હેતુ માટે મૂડીરોકાણ કરવાથી ઉત્પાદનમાં વધારો થતાં કુલ પુરવઠો વધે અને ભાવો અંકુશમાં આવશે. આમ કરવેરામાં વધારો કરી સરકાર ફુગાવાને નિયંત્રિત કરવાનો પ્રત્યન કરે છે. કેન્દ્ર સરકારની કુલ કર ઉપજ 2009-10માં રૂપિયા 6,24,528 કરોડ હતી. જે વર્ષ 2018-19માં રૂા. 20-10 લાખ કરોડ અને 2020-21માં બજેટમાં રૂ. 24.23 લાખ કરોડ અંદાજવામાં આવી હતી.

**(ii) જાહેર દેવાની નીતિ :-**

સરકાર જાહેર દેવાની નીતિ હેઠળ ફુગાવાના સમયમાં જાહેર લોન બહાર પાડી દેશની પ્રજા પાસેથી દેવું કરે છે. પરિણામે સમાજમાં થતાં કુલ ખર્ચને મર્યાદિત કરવાનો પ્રયાસ કરે છે. એટલું જ નહીં લોકો બચત કરવા પ્રેરાય તે માટે વિવિધ યોજના દાખલ કરે છે. જેમ કે બીજા વિશ્વયુદ્ધ સમય દરમ્યાન ઈંગ્લૅન્ડમાં પ્રો.કેઈન્સના સૂચનથી 'Defererd Pay Scheme' - ભવિષ્યમાં ચૂકવવામાં આવનાર પગાર યોજનાનો અમલ થયો હતો. 1963-64ના અંદાજપત્રમાં ભારતમાં ફરજિયાત બચત યોજના (Compulsory Deposit Scheme) ફુગાવા વિરોધી નીતિના એક ભાગ તરીકે શરૂ કરવામાં આવી હતી. જો કે તેનો વિરોધ થતાં તે યોજના પડતી મૂકાઈ હતી. પરંતુ 1974થી બે વર્ષ માટે ફરજિયાત બચત યોજના અમલમાં મૂકાઈ હતી. ઈ.સ. 1981માં 'બેરર બોન્ડ યોજના' અને 1996માં 'ઈન્દિરા બચતપત્રો' NSS સર્ટીફિકેટ, કિસાન બચતપત્રો જેવી સ્કીમોમાં પ્રજા રોકાણ કરીને વર્તમાન ખરીદશક્તિ ઉપર અંકુશ મુકવાનો પ્રયાસ કરી ફુગાવાને નિયંત્રિત કરવાનો પ્રયાસ થયો હતો. આ ઉપરાંત કાળા નાણાં ફુગાવાને પ્રોત્સાહિત કરતા હોવાથી સરકારે 1997માં - (VDIS) Voluntary Discloser Income Scheme સ્વૈચ્છિક આવકની જાહેરાતની યોજના અમલમાં મૂકીને કાળા નાણાં- બિનહિસાબી નાણાને બહાર લાવવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પ્રજાની ખરીદશક્તિ ઓછી થાય. આમ સરકારે જુદા જુદા પ્રકારે પ્રજાનાં હાથ ઉપરના નાણાં ઓછા

રહે અને માંગમાં ઘટાડો કરી ફુગાવાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો છે.

**(iii) જાહેર ખર્ચ ઉપર અંકુશ :-**

સરકારનું જાહેર ખર્ચ એ લોકોની આવક બને છે. જે કુલ માંગમાં વધારો કરે છે. આથી ફુગાવા દરમ્યાન સરકાર જુદા જુદા પ્રકારના જાહેર ખર્ચ ઘટાડે છે. યોજનાઓ પાછળના વિવિધ ખર્ચ ઘટાડે છે અથવા યોજનાનું કામ ફુગાવા દરમ્યાન સ્થગિત કરે છે. બિનજરૂરી ખર્ચામાં કાપ મૂકીને સરકાર ફુગાવાને અંકુશિત કરવાનો પ્રયત્ન કરે છે.

**(C) વહીવટી પગલાંઓ :-**

સરકાર ફુગાવાને અંકુશમાં લેવા માટે નીચે મુજબ વહીવટી પગલાંઓ લે છે.

**(i) વેતન અને ડિવિડન્ડ આવકની સ્થગિતતા :-**

અર્થતંત્રમાં ફુગાવાની સ્થિતિ સર્જાતા શ્રમિકો વધુ વેતનની માંગણી કરે છે. વેતન વધારાની માંગણી સંતોષાતા ઉત્પાદન ખર્ચ વધે છે. નિયોજક ઉત્પાદન ખર્ચનો વધારો કિંમત વધારા સ્વરૂપે પ્રજા પાસેથી વસુલ કરે છે. ફરી ભાવો વધે અને ફરી વેતન વધારાની માંગણી થાય. આમ ભાવવધારો અને વેતન વધારાનું વિષચક્ર ચાલે છે. આથી ફુગાવાના સમયમાં વેતન અને ઉત્પાદન ખર્ચને મુક્ત રીતે ભાવવૃદ્ધિ કરવા દેવાય નહિ. તેથી સરકાર ફુગાવા દરમ્યાન વેતનો સ્થગિત કરે છે, એટલું જ નહિ ઈન્ક્રીમેન્ટ એટલે કે ઈજાફા પણ સ્થગિત કરવામાં આવે છે. વળી ફુગાવા દરમ્યાન જુલાઈ 1974માં ભારતમાં એક વર્ષ માટે, વેતન, પગાર અને ઈજાફાને સ્થગિત કરવાનો ફરજિયાત આદેશ આપી લોકોની ફુગાવાને નિયંત્રિત કરવામાં આવ્યો હતો. વળી કંપનીઓ પણ પોતાના નફામાંથી શૅર હોલ્ડરોને ડિવિડન્ડરૂપી વ્યાજની રકમ આપતી હોય છે. તીવ્ર ફુગાવા સમયે ડિવિડન્ડની આવક પણ સ્થગિત કરવામાં આવી હતી.

**(ii) મૂડીરોકાણ ઉપર અંકુશ :-**

સરકારે બિન ઉત્પાદક એટલે કે મોજશોખની ચીજ વસ્તુઓના ઉત્પાદન ઉપર રોક લગાવીને ઉત્પાદકીય હેતુ માટેના મૂડીરોકાણને છૂટ આપવામાં આવે છે. ફુગાવા દરમ્યાન બિન જરૂરી મૂડીરોકાણ ઉપર અંકુશ મૂકવામાં આવે છે.

**(iii) સટ્ટાકીય પ્રવૃત્તિ ઉપર અંકુશ :-**

ફુગાવા દરમ્યાન સટ્ટાકીય પ્રવૃત્તિઓ વધતી હોવાથી અર્થતંત્રમાં બિનજરૂરી ભાવવધારો થાય છે. આથી શેરબજાર અને વાયદા બજારનું અસરકારક નિયંત્રણ કરવા માટે શૅર, સ્ટોક વગેરેની સામે અપાતા ધિરાણના 'માર્જિન'માં વધારો કરવાથી ફુગાવો અંકુશિત થઈ શકે છે.

**(iv) ભાવ અંકુશો અને સંગ્રહખોરી વિરુદ્ધ પગલાંઓ :-**

સરકારે ભાવવધારાને અંકુશમાં લેવા તળિયા અને ટોચના ભાવો બાંધવા પડે છે. એટલું જ નહીં વેપારીઓ ભાવઅંકુશ દરમ્યાન વસ્તુઓની કૃત્રિમ અછત પેદા કરી કાળા બજાર ન કરે તે માટે સરકારે કડક પગલાં લેવા પડે. બિનજરૂરી માલનો સંગ્રહ કરનાર સામે કડકાઈ પૂર્વક પગલાં લઈ વધતાં ભાવોને અટકાવવા પડે છે.

**(v) સસ્તા અનાજની દુકાનો અને માપબંધી :-**

દેશની ગરીબ પ્રજાને જીવનધોરણ ટકાવવા માટે પ્રાથમિક ચીજવસ્તુઓ વાજબી

ભાવે મળે તે માટે સસ્તા અનાજની દુકાનો કે રેશનીંગની દુકાનો સ્થાપિત કરી મોંઘવારી સામે રક્ષણ આપવાનો સરકાર પ્રયાસ કરે છે. અનાજ, ખાંડ, કેરોસીન, કઠોળ, સાબુ, તેલ વગેરે સરળતાથી ગરીબી રેખા નીચે જીવતા લોકો અને મધ્યમ વર્ગના લોકો પ્રાપ્ત કરે તે અંગેની વિતરણ વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે. આથી એટલા પ્રમાણમાં માંગ ઘટે. આ ઉપરાંત અછતવાળી ચીજવસ્તુઓ વિદેશથી આયાત કરી ભાવોને અંકુશિત કરવામાં આવે છે. વળી ચીજ વસ્તુઓની અછતના સમયે પ્રજા તેની વપરાશ ઘટાડે તે માટે જરૂરી પ્રાથમિક જીવન ધોરણની વસ્તુઓ ન્યૂનતમ પ્રમાણમાં મળી રહે એટલે કે માપબંધી દ્વારા ભાવોને અંકુશિત કરવામાં આવે છે.

**(D) ઉત્પાદનમાં વધારો :-**

અર્થતંત્રમાં જ્યારે ફુગાવો કે ભાવવધારો અસ્તિત્વમાં હોય ત્યારે ચીજવસ્તુઓની અછત હોય છે. આવા સમયે ફુગાવાને અંકુશમાં લેવા ચીજ વસ્તુઓની અછત દૂર કરવી અનિવાર્ય છે અને તે માટે વિવિધ પ્રકારની ચીજ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન પ્રમાણ વધે તેવા પ્રયાસ કરવા પડે. સરકારે કુલ ઉત્પાદનને પ્રોત્સાહિત કરે તેવી વહીવટી નીતિ અપનાવવી જોઈએ. જેથી અર્થતંત્રમાં કુલ પુરવઠો વધે અને વધતી માંગને સંતોષી શકે. આ માટે સરકારે નવા ઉત્પાદન કરતાં એકમોને કરવેરામાં મુક્તિ આપવી, ઉત્પાદકોને સસ્તા દરે જમીનની ઉપલબ્ધિ કરાવવી, સબસીડી કે રાહત આપે છે. જેથી ઉત્પાદન કરવા નિયોજકો પ્રોત્સાહિત થાય. સરકારે વિવિધ પ્રકારની નીતિ દ્વારા નિયોજકોને પ્રોત્સાહિત કરી ચીજવસ્તુઓ અને સેવાઓની અછતને કારણે વધતાં ભાવોને રોકવા ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થાય તેવા પ્રયાસો કરવા પડે.

ફુગાવો થવાનું મૂળભૂત કારણ રાષ્ટ્રના ઉત્પાદન કરતાં લોકોની ખરીદશક્તિમાં થયેલો વધારો છે. આથી ફુગાવાના અસરકારક પ્રતિકાર માટે ઉત્પાદન અને ઉત્પાદનશક્તિમાં વધારો થાય એ અતિ મહત્ત્વનું છે. અર્થતંત્રમાં કૃષિ ઉત્પાદન અને ઔદ્યોગિક ઉત્પાદન ઝડપથી વધે તે માટે શકય તેટલાં બધાં જ પગલાં લેવા જોઈએ.

**સમાપન :-**

ફુગાવો અને મંદી એ બંને વેપાર ચક્રીય ઘટનાઓ છે. પરંતુ ઘટનાઓ મહદ્અંશે મુક્ત અર્થતંત્રમાં બનતી હોય છે. મહામંદી (1929-30) પછી વિશ્વના દેશોની સરકારો અર્થતંત્રમાં હસ્તક્ષેપ અને નિયંત્રણની નીતિ કેઈન્શીપન અર્થતંત્ર હેઠળ અપનાવી છે. તેને પરિણામે ત્રીસીની મહામંદી જેવી હવે વિશ્વમાં જોવા મળતી નથી. જો કે અવાર-નવાર કેટલાંક દેશોમાં કે કેટલાંક વિસ્તારોમાં મંદી આવે છે. જ્યારે ભાવવધારાની સમસ્યા એ લગભગ બધા દેશોમાં સામાન્ય સમસ્યા છે. અભૂતપૂર્વ ફુગાવાની સમસ્યા ભાગ્યે જ સર્જાય છે. મંદી અને ફુગાવો એક બે ઘટનાઓ પૈકી બંને પરિસ્થિતિમાં જુદા જુદા વર્ગોને ઘણું સહન કરવું પડે છે. પરંતુ ફુગાવાની તુલનાએ મંદીની અસરો ખૂબ જ વધારે વિધાયક હોય છે. મંદીમાં રોજગારી અને અભાવની સ્થિતિ હોય છે. જે મોટા માનવસમુદાય માટે લાચારીયુક્ત સંજોગો પેદા કરે છે. ફુગાવો સાધારણ સ્તરનો હોય ત્યાં સુધી તેની પ્રતિકૂળ અસરો ગંભીર હોતી નથી. પરંતુ જો ફુગાવો બેકાબુ બને તો તે અર્થતંત્રમાં વિવિધ રીતે પ્રતિકૂળ અસરો સર્જે છે અને તેને સહેલાઈથી કાબુમાં લઈ શકાતી નથી. મુખ્યત્વે

સરકારે પોતાના બજેટમાં સારી એવી સમતુલા જાળવવી જરૂરી છે અને બજેટખાધ ન્યૂનતમ રહે તેવું આવક અને ખર્ચનું આયોજન કરવું જોઈએ. ખાધ પુરવણીનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો અને બિનજરૂરી બિનઉત્પાદક ખર્ચાઓ ઘટાડવા અને તેને નિયંત્રણમાં રાખવા તથા નાણાંના પુરવઠાને પણ નિયંત્રણમાં રાખવો જરૂરી બને છે. સરકારે લોકપ્રિય થવા માટે અર્થતંત્રને ગંભીર રીતે નુકસાનકારક એવા ખર્ચાઓ ટાળવા જોઈએ.

ભારતમાં આઝાદી પછી ભાવવધારો ક્યારેક ક્યારેક એ આંકડાઓમાં પ્રવેશે છે. પરંતુ મોટે ભાગે એક આંકડાની મર્યાદામાં રહે છે. તે ભારતીય અર્થતંત્રની સિદ્ધિ ગણાય. ભારતમાં માત્ર એક જ વર્ષે ઈ.સ. 1974માં છૂટક ભાવોમાં 21 ટકા જેટલો અને જથ્થા બંધ ભાવોમાં 24 ટકા જેટલો વધારો થયો હતો. તે સિવાય મોટા ભાગના સમયગાળામાં ભાવ વધારાની સમસ્યા કાબુમાં રહેવા પામી છે. ભારતમાં ગંભીર એવી ફુગાવાની સમસ્યા સર્જાઈ નથી.

**શબ્દોના અર્થ**

- **રેપોરેટ :-** રિઝર્વ બેંક દ્વારા વસુલવામાં આવતો વ્યાજનો દર છે. જ્યારે વેપારી બેંકો તેમની સિક્યોરીટીઝ મધ્યસ્થ બેંકને વેચીને તેમની પાસેથી ઉધાર લે છે. અનિવાર્ય પણે RBI દ્વારા વસુલવામાં આવેલું વ્યાજ છે.
- **રિવર્સ રેપોરેટ :-** રિઝર્વ બેંક દ્વારા વ્યાપારી બેંકોને તેમની સિક્યોરીટીઝ માટે ચૂકવવામાં આવતો વ્યાજનો દર છે.
- **કેશ રિઝર્વ રેશિયો** (CRR) **:-** વાણિજિયક બેંકોએ મધ્યસ્થ બેંક પાસે અનામત તરીકે ચોક્કસ લઘુતમ ડિપોઝીટ રાખવાની હોય છે. બેંકની કુલ થાપણો સામે અનામતમાં રાખવા માટે જરૂરી રોકડની ટકાવારીને કેશ રિઝર્વ રેશિયો કેહવાય છે.
- **જથ્થાબંધ ભાવ સૂચક આંક** (WPI) **:-** તે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા અંદાજવામાં આવે છે અને માસિક ધોરણે માપવામાં આવે છે.
- **કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેકસ** (CPI) **:-** તેની ગણતરી દરેક વસ્તુ માટે પૂર્વ નિર્ધારીત કિંમતમાં ફેરફાર કરીને સરેરાશ કાઢવામાં આવે છે. તેને ગ્રાહક ભાવ સૂચકઆંક (CPI) કહે છે.
- **પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેકસ** (PPI) **:-** સ્થાનિક ઉત્પાદકો દ્વારા તેમના આઉટપુટ માટે પ્રાપ્ત થયેલાં સમયાંતરે વેચાણ કિંમતોમાં સરેરાશ ફેરફારનું માપ છે.
- **કોમોડીટીઝ ભાવ સૂચક આંક :-** એક નિશ્ચિત વજન સૂચકઆંક અથવા પસંદ કરેલ વસ્તુઓની કિંમતોની (ભાર આધારિત) સરેરાશ છે. જે હાજર વાયદાની કિંમત ઉપર આધારિત છે.
- **કોર પ્રાઈસ ઈન્ડકેસ :-** તે ખોરાક અને ઉર્જાના ભાવમાં થતી ચળવળને કારણે થતી અસ્થિરતા વિના માલ અને સેવાઓ માટે ગ્રાહકો દ્વારા ચુકવવામાં આવતી કિંમતોને માપે છે. તે અંતર્ગત ફુગાવાના વલણોને માપવાનો એક માર્ગ છે.

**Inflation**

References.


- Dr. S. Jamuna. "Inflation and its Impact on Indian Economy"

International Journal of Application on Innovction in Engineering of Management (IJAIEM). Volume-5 Issue-4 April-2016. ISSN 2319-4847

- See the Press interview of Dr. Y. V. Reddy. Governor, Reserve Bank of India, in Hindus Business line April 7 2007.
- Inflation rates in India, World Datan, Into Sept, 2022
- India Inflation Rate 1960-2022 / Macro Trends,
- https : // WWW. Macrotrends. net / countries / Ind / Intiation rate - CPI > India
- https : // data. worldbank. org > Indiacotor : FP. CPI Yotlezg.